# વિસ્તારમાં વોર્ડ નં. 1 વાપી મનપાનો સૌથી મોટો: 15.39 sq.km

**વાપી** મનપાની ચૂંટણીમાં ૧૧ ગામના છ વોર્ડમાં 24 બેઠક નિર્ણાયક સાબિત થશે

**જ્યારે** વિસ્તારની દૃષ્ટિએ ત્રીજા સ્થાને વોર્ડ 2 જેનું ક્ષેત્રફળ 11.32 સ્ક્વેર કિલો મીટર છે, 72.74 સ્ક્વેર કિલોમીટરના વાપી મનપામાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનો વોર્ડ 10 છે, જેનું ક્ષેત્રફળ 0.72 સ્ક્વેર કિ.મી. છે

વાપીઃ વાપી મહાનગરપાલિકાની પહેલી ચૂંટણી થઈ રહી છે ત્યારે તેના સિમાંકન બાદ જે વાપી મનપાનો નકશો જાહેર થયો છે. તેમાં દર્શાવ્યા પ્રમાણે વાપી મનપાના ૧૩ વોર્ડમાં સૌથી મોટો વિસ્તાર 1 નંબર વોર્ડ છે. જેનું ક્ષેત્રફળ 15.39 સ્ક્વેર કિલો મીટર જેટલું બતાવવામાં આવે છે. વાપી મનપામાં જોડાયેલાં ૧૧ ગામોના વોર્ડને જોઈએ તો છ જેટલા વોર્ડ નવા ગામ પૈકી બન્યા છે. જેમાં કેટલાક વોર્ડમાં જૂનો વાપી પાલિકાનો વિસ્તાર પણ આવી જાય છે. પરંતુ વિસ્તારની દૃષ્ટિએ સૌથી મોટો વોર્ડ નં. 1 છે, જેમાં કુંતા, વટાર અને મોરાઈ ગામનો સમાવેશ થયો છે.

આ વોર્ડમાં રેલવેની લાઈનની એક તરફનો બલીઠા ગામનો વિસ્તાર પણ આવી જાય છે. આ જ રીતે બીજા સ્થાને વિસ્તારની દૃષ્ટિએ મોટો વોર્ડ 4 છે. જેનું ક્ષેત્રફળ 13.46 સ્કેવર કિલો મીટર છે. જ્યારે વિસ્તારની દૃષ્ટિએ ત્રીજા સ્થાને વોર્ડ 2 જેનું ક્ષેત્રફળ 11.32 સ્ક્વેર કિલો મીટર છે. આમ ૨૦૧૧ની વસ્તી પ્રમાણે વાપી મહાનગરપાલિકાનું સિમાંકન કરવામાં આવ્યું છે. તે જોતા 72.74 સ્ક્વેર કિલો મીટરના વાપી મનપામાં વિસ્તારની દૃષ્ટિએ સૌથી નાનો વોર્ડ 10 છે જેનું ક્ષેત્રફળ 0. 72 સ્ક્વેર કિલો મીટર છે. જે ૧૧ ગામો વાપી મનપામાં સમાવેશ થયો છે તેના છ વોર્ડ છે. જેમાં મુખ્યત્વ વોર્ડ નં.૧ તેમજ વાર્ડ નં.૧૨માં સારી એવી રસાકસી દેખાઈ રહી છે. જયારે અન્ય વિસ્તારમાં પણ ચૂંટણીનો માહોલ ધીમે ધીમે જામવા લાગ્યો છે. વાપી પાલિકાનો વિસ્તાર છે ત્યાં પણ જૂના જોગીઓ વચ્ચે રસપ્રદ મુકાબલો છે.

## મતદારોની સંખ્યા અને મતદાન મથકની વિગત


| વોર્ડ નં. | મતદારોની કુલ સંખ્યા | | | | મતદાન મથકોની સંખ્યા | મતદાન મથક દીઠ સરેરાશ મતદારોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|
| | પુરૂષ મતદાર | સ્ત્રી મતદાર | અન્ય | કુલ મતદાર | | |
| 1 | 4314 | 4104 | 1 | 8419 | 10 | 842 |
| 2 | 6813 | 5894 | 0 | 12707 | 13 | 977 |
| 3 | 4985 | 3662 | 0 | 8647 | 9 | 961 |
| 4 | 4282 | 3625 | 0 | 7907 | 9 | 879 |
| 5 | 5922 | 5453 | 0 | 11375 | 12 | 948 |
| 6 | 5128 | 4637 | 0 | 9765 | 12 | 814 |
| 7 | 3595 | 3589 | 0 | 7184 | 8 | 898 |
| 8 | 4982 | 4693 | 0 | 9675 | 10 | 968 |
| 9 | 4281 | 4002 | 0 | 8283 | 8 | 1035 |
| 10 | 4730 | 3904 | 2 | 8636 | 9 | 960 |
| 11 | 3011 | 2464 | 0 | 5475 | 6 | 913 |
| 12 | 4526 | 3663 | 0 | 8189 | 9 | 910 |
| 13 | 3923 | 2910 | 0 | 6833 | 7 | 976 |
| Total | 60492 | 52600 | 3 | 113095 | 122 | 927 |

### ચૂંટણીમાં મુખ્ય મુકાબલો ભાજપ-કોંગ્રેસ વચ્ચે

૧૩ વોર્ડમાં ૧૨૨ જેટલા મતદાન મથકો ઉપર ઈવીએમ દ્વારા મતદાન થશે. વોર્ડ નં.૧૨માં સૌથી વધુ ૧૨ ઉમેદવાર મેદાનમાં છે. જોકે આખી ચૂંટણીનો સિનેરીયો જોઈએ તો ભાજપ અને કોંગ્રેસ વચ્ચે જ મુખ્ય મુકાબલો છે. 13 વોર્ડમાં 51 બેઠકો માટે 120 ઉમેદવારો મેદાનમાં છે. જેમાં ભાજપ 51 બેઠકો ઉપર ચૂંટણી લડી રહી છે. જયારે કોંગ્રેસ 50 બેઠકો ઉપર જયારે આમ આદમી પાર્ટી 8 બેઠકો ઉપર ચૂંટણી લડી રહી છે. 7 બેઠકો પર અપક્ષ તથા તેમજ 4 બેઠકો ઉપર એએસપી ચૂંટણી લડી રહી છે.

### સૌથી વધુ મતદારો સાથે વોર્ડ 2નો વિસ્તાર પણ મોટો

વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં મોટા વિસ્તારમાં પ્રચાર કરવો મુશ્કેલ બને છે. વોર્ડ 2માં સૌથી વધુ મતદારો સાથે તેનો વિસ્તાર પણ મોટો છે. વિસ્તારની દષ્ટિએ ત્રીજા નંબરે આવતા વોર્ડ 2માં 12,707 મતદારો છે. જયારે આ વોર્ડનું ક્ષેત્રફળ 11.32 સ્કવેર કિલો મીટર છે. આમ આ વોર્ડમાં બીજા વોર્ડ કરતા સૌથી વધુ મતદારો છે. આ વોર્ડમાં મતદાન માટે મતદાન મથકોની સંખ્યા પણ સૌથી વધુ છે. અહીં 13 મતદાન મથકો છે. મનપાની આ ચૂંટણીમાં સૌથી ઓછા મતદારો વોર્ડ નં.11માં જોવા મળે છે. અહીં 5,475 મતદાર છે. આમ આ ચૂંટણીમાં જે વોર્ડનો વિસ્તાર વધુ છે ત્યાં મતદારો સુધી પહોંચવામાં ઉમેદવારોને ઘણી જહેમત ઉઠાવવી પડી રહી છે. પરંતુ જે વિસ્તાર નાનો છે ત્યાં મતદારો સુધી પહોંચવું સરળ છે. પણ મતદારો વિસ્તાર પ્રમાણે વધુ જોવા મળે છે. વોર્ડ નં. ૧૦ વિસ્તારની દૃષ્ટિએ ખૂબ નાનો છે.




# વલસાડમાં યુવતીને લગ્નનું વચન આપી યુવકે છ વર્ષ હવસ સંતોષી

**ઈન્સ્ટા** પર દોસ્તી કેળવી શરીર સંબંધ બાંધ્યા, ઉંમર વધુ હોવાનું જણાવી તરછોડનાર યુવક જેલભેગો થયો

વલસાડઃ નજીકના એક ગામમાં રહેતી 41 વર્ષીય યુવતીને નજીકના જ વિસ્તારમાં રહેતો 31 વર્ષીય ટંડેલ યુવાન સાથે instagram ના માધ્યમથી પરિચયમાં આવ્યા બાદ બંને વચ્ચેની દોસ્તી પ્રેમમાં પરિણમી હતી. પ્રેમીએ લગ્નનું વચન આપી પ્રેમિકાને સાથે અનેકવાર શારીરિક સંબંધ બાંધ્યા બાદ ઉંમરનું બહાનું કરી લગ્ન નહીં કરવાનું જણાવતા પ્રેમિકાએ પ્રેમી વિરુદ્ધ વલસાડ સિટી પોલીસમથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પ્રેમીની ધરપકડ કરતાં તેને નવસારી સબજેલમાં ધકેલી દીધો છે.

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર થતી મિત્રતા ક્યારેક ગંભીર વળાંક લેતી હોય છે. આવો જ એક કિસ્સો વલસાડમાં સામે આવ્યો છે. જ્યાં ઈન્સ્ટાગ્રામ પર થયેલી મૈત્રી બાદ પ્રેમમાં પડેલી યુવતીને લગ્નના વાયદા કરી છેતરાઈ હોવાનો અહેસાસ થતાં તેણે પોલીસના દ્વાર ખખડાવ્યા છે. વલસાડ નજીકના એક ગામમાં રહેતી ૪૧ વર્ષીય યુવતી નજીકના વિસ્તારમાં રહેતા ૩૧ વર્ષીય નીરજ જગજીવન ટંડેલ વચ્ચે વર્ષ ૨૦૧૯માં ઈન્સ્ટાગ્રામ દ્વારા પરિચય થયો હતો. સામાન્ય વાતચીતથી શરૂ થયેલી આ મિત્રતા ધીરે ધીરે પ્રેમમાં પરિણમી હતી. નીરજે યુવતીને લગ્ન કરવાનું વચન આપીને વિશ્વાસમાં લીધી હતી. છેલ્લા ૬ વર્ષથી ચાલી રહેલા આ પ્રેમસંબંધ દરમિયાન નીરજ તેને અલગ-અલગ સ્થળોએ લઈ ગયો હતો અને તેની સાથે શારીરિક સંબંધો બાંધ્યા હતા. યુવતીને પૂરો વિશ્વાસ હતો કે નીરજ તેની સાથે લગ્ન કરશે. જ્યારે યુવતીએ લગ્ન માટે દબાણ કર્યું, ત્યારે નીરજ ટંડેલે લગ્ન કરવાની સ્પષ્ટ ના પાડી હતી. તેણે યુવતીની ઉંમર પોતાના કરતાં વધુ હોવાનું કારણ આગળ ધરીને લગ્ન કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો હતો. ૬ વર્ષના લાંબા સંબંધો બાદ પ્રેમીના આ વલણથી પ્રેમિકા આઘાતમાં સરી પડી અને પ્રેમી નીરજ ટંડેલ સામે વલસાડ સિટી પોલીસ મથકમાં દુષ્કર્મ અને છેતરપિંડીની ફરિયાદ નોંધાતા પોલીસે તેની ધરપકડ કરી નવસારી સબજેલમાં ધકેલી દીધો છે.

# વાપી ગીતાનગરમાં ઝઘડાની અદાવતમાં ચાકુથી હુમલો

**અગાઉ** પાર્કિંગ મુદ્દે ઝઘડો થયો હતો, ઘાયલ તરુણને હોસ્પિટલ ખસેડાયો

વાપી : વાપી ગીતાનગરમાં ઝઘડાની અદાવત રાખી ચાકુ મારી એકને ઈજાગ્રસ્ત કરી દીધો હતો. આ બનાવ અંગેની ફરિયાદ વાપી ટાઉન પોલીસ મથકમાં કરવામાં આવી હતી.

વાપી ગીતાનગર સન એવેન્યુ રેસિડેન્સીમાં તરૂણ રમેશચંદ્ર યાદવ (ઉં.23) રહે છે. તે ગઈકાલે તા.19-4-26 ના રોજ રાત્રીના સાડા અગિયારેક વાગ્યાની આસપાસ બિલ્ડિંગ નીચે આવેલ પાનના ગલ્લા ઉપર ગયા હતા ત્યાં તેઓની જ બિલ્ડિંગમાં રહેતો અમનસિંગ સુનિલસિંગ ઠાકુર પણ ઉભેલો હતો. જેની સાથે અગાઉ પાર્કિંગ મુદ્દે ઝઘડો પણ થયેલ હતો. દરમિયાન તરૂણનો મિત્ર પ્રિન્સસિંગ પણ મળ્યો હતો. પ્રિન્સે જણાવ્યું કે, અમનસિંગે અગાઉ ઝઘડો કર્યો હતો. જેથી તરૂણ ફરીથી અમનસિંગને સમજાવવા ગયો હતો. જેથી અમનસિંગ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને ઝઘડો કરી પેન્ટના ખિસ્સામાંથી ચપ્પુ કાઢી તરૂણના હાથ અને કમરના ભાગે મારી દીધું હતું. જેને બચાવવા મિત્ર વચ્ચે પડયો હતો. જે બાદ અમનસિંગ ત્યાંથી ચાલી ગયો હતો. તરૂણને હાથ અને કમરના ભાગે ઈજા પહોંચેલ હોય સારવાર માટે વાપીની હોસ્પિટલમાં ખસેડયો હતો. આ બનાવ અંગેની ફરિયાદ તરૂણે વાપી ટાઉન પોલીસ મથકમાં કરી હતી.

### પારનેરાના હિતેશ પટેલ ભાજપમાંથી છ વર્ષ માટે સસ્પેન્ડ

વલસાડ : વલસાડના પારનેરા તા.પં.બેઠક ઉપર ભાજપના અધિકૃત ઉમેદવાર સામે ઉમેદવારી કરાવનાર પાર્ટી કાર્યકરને વલસાડ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખે તાત્કાલિક અસરથી 6 વર્ષ માટે સભ્ય પદ રદ કરતો આદેશ કર્યો છે. વલસાડ જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ હેમંતભાઈ કંસારાએ ભાજપના કાર્યકર્તા હિતેશભાઈ પટેલને પાઠવેલા પત્રમાં જણાવ્યા મુજબ, તેમણે તા.પં. વલસાડની પારનેરા બેઠક ઉપર પક્ષના અધિકૃત ઉમેદવાર વિરુદ્ધ ઉમેદવારી કરાવી છે, જે પક્ષના શિસ્ત ભંગ હોય તાત્કાલિક અસરથી બી.જે.પી.નું પ્રાથમિક સભ્ય પદે 6 વર્ષ માટે રદ કરવામાં આવે છે. આમ ભાજપ પ્રમુખ દ્વારા પક્ષ વિરુધ્ધ કામગીરી કે પક્ષના નિયમ વિરુદ્ધ કામગીરી કરનારા ઉમરગામના 7 આગેવાનો અને પારડી તાલુકાના નાના વાઘછીપાના એક મળી કુલ 8 આગેવાન, કાર્યકરને છ વર્ષ માટે સસ્પેન્ડ કરાતાં ફફડાટ વ્યાપી ગયો છે.

## સંક્ષિપ્ત સમાચાર

### કરમબેલી હાઈવે પર બાઈક સ્લિપ થતાં ચાલકનું મોત

ઉમરગામઃ કરમબેલી હાઈવે પર પૂરઝડપે દોડી રહેલી બાઈક સ્લીપ થતાં ચાલકનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ભીલાડ પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, મૂળ બિહાર અને હાલ ભીલાડ નરોલી બ્રિજ પાસે આવેલી ચાલીમાં કૃષ્ણા સંતોષ તિવારી (ઉં.વ.36) રહે છે. ગત તા.17-4-26 ના રોજ કૃષ્ણા મિત્ર સુનિલકુમાર મહેન્દ્રસિંહ યાદવે (ઉં.વ.30, રહે., ભીલાડ સ્થિત ચાલીમાં, મૂળ બિહાર) બાઈક લઈ નીકળ્યો હતો. કરમબેલી, રઘુનંદન હોટલની સામે, વાપીથી મુંબઈ તરફ જતા ને.હા.નં.48 પર બાઈક સ્લીપ થઈ હતી અને તેને શરીરે અને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી અને સારવાર માટે ખસેડયો હતો. સુનિલનું સુરત હોસ્પિટલમાં મોત નીપજ્યું હતું. આ બનાવ અંગેની ફરિયાદ કૃષ્ણા તિવારીએ ભીલાડ પોલીસ મથકે કરી હતી.

### ઉમરકુઈ ગામે દારૂ ભરેલી કાર સાથે એક ઝડપાયો

વાંસદાઃ વાંસદા પોલીસે બાતમીના આધારે ધરમપુર માર્ગ પર ઉમરકુઈ ગામ ત્રણ પાસેથી કાર નંબર GJ15 CR 0395ની તપાસ કરતાં કારના ચોર ખાનામાંથી વિસ્કીની બોટલ નંગ 144 જેની કિં. રૂ.14,400 મળી આવી હતી. પોલીસે કુલ રૂ.4,19,900નો મુદ્દામાલ કબજે કરી કારચાલક આર્યન વિજયભાઈ પટેલ (ઉં.વ.24, રહે., કરમબેલી તાડ ફળિયું, તા.ઉમરગામ, જિ.વલસાડ)ની અટક કરી હતી. દારૂ દમણના રાજેશન તેમજ મહુવાના અજયને વોન્ટેડ જાહેર કર્યો હતો.

### પારડીના દોલતનગરમાંથી ડ્રગ્સ સાથે એક ઝડપાયો



પારડીઃ પારડી પોલીસે દોલતનગર સ્થિત ‘અલીફ રો-હાઉસ’માં દરોડો પાડી રૂ. ૧.૨૭ લાખની કિંમતનું ૬ ગ્રામ ૩૮૦ મિલીગ્રામ ‘બ્રાઉન હેરોઈન’ ઝડપી પાડ્યું છે. આરોપી અસફાક સફીઉલ્લા શેખને તેના ઘરના બેડરૂમમાં રાખેલા કબાટમાંથી નશીલા પદાર્થ સાથે રંગેહાથ પકડવામાં આવ્યો હતો. પોલીસે ડ્રગ્સ ઉપરાંત ૨ મોબાઈલ ફોન સહિત કુલ રૂ. ૧.૫૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. તપાસમાં ખૂલ્યું છે કે આ જથ્થો વડોદરાના ‘બાજ’ (સરદાર) નામના શખ્સ પાસેથી લવાયો હતો, જેને હાલ વોન્ટેડ જાહેર કરાયો છે.

### પારડીના કોલકમાં હઝરત મીરા સૈયદઅલી દાતારના ઉર્શ શરીફની ભવ્ય ઉજવણી



પારડીઃ પારડી તાલુકાના કોલક ગામે મીરા દાતાર દરગાહમાં હઝરત મીરા સૈયદઅલી દાતારનો ઉર્શ શરીફની રવિવારના રોજ ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દૂર-દૂરથી લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ પ્રસંગોમાં 15 એપ્રિલ બુધવારે પલ્લી રાસ્તીમાંની ધજા ચઢાવવામાં આવી હતી. 17 એપ્રિલ શુક્રવારના રોજ દાતારની શહિદી ધજા ધામધૂમથી ચઢાવી હતી. દાતારની સંદલ પાલખી સાંજે ધામધૂમથી ગામમાં ફરતા મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતાં. ત્યારબાદ મળસ્કે દાતારનું ગુશલ થયું હતું. જે બાદ બપોરે આમ ન્યાઝ અને રાત્રિના રાતીફ રીફાઈનો કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ.પૂ. સ્વ. નટુબાપુના પરિવાર સ્વ. મિલનભાઈ નટુભાઈ દાતારવાલા, સ્વ. સંગમભાઈ નટુભાઈ દાતારવાલાના આશીર્વાદ થકી ગં.સ્વ. અમિતાબેન મિલનભાઈ દાતારવાલા સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યાં હતાં અને કાર્યક્રમ સફળ રહ્યો હતો.

### વલસાડમાં કલાયતન દ્વારા શાસ્ત્રીય સંગીતનો કાર્યક્રમ યોજાયો



વલસાડઃ વલસાડની સંગીત સંસ્થા કલાયતન દ્વારા શનિવારની સમીસાંજે શાંતિવન રિસોર્ટ, વશિયરમાં મુંબઈના શાસ્ત્રીય સંગીતના યુવા કલાકાર પં. રમાકાંત ગાયકવાડના શાસ્ત્રીય તથા ઉપશાસ્ત્રીય સંગીતનો સુંદર કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત તેમણે વાચસ્પતિ રાગની સુમધુર પ્રસ્તુતિથી કરી હતી. ત્યારબાદ રાગ બિહાગની બંદિશને રાગદારી અને શબ્દો સાથે મધુરી સુરાવટ દ્વારા રજૂ કરી હતી. તેમણે ઠુમરી ગાયન પણ રજૂ કર્યું હતું. તેમની ગાયકીના કૌશલ્યથી કાર્યક્રમમાં સંગીતનું અદભૂત ભાવવિશ્વ રચાયું હતું. તેમની સાથે તબલા સંગત મુંબઈના કૌસ્તુભ તલેકર તથા હાર્મોનિયમ સંગત મુંબઈના અંકિત કુંભારે કરી હતી. તાનપુરા સંગત તેમના શિષ્ય રોનક ઘોષે કરી હતી. કાર્યક્રમના પ્રારંભમાં કલાયતનના પ્રમુખ ડો. મનીષ મોદીએ સૌને શાબ્દિક સ્વાગત થકી આવકાર્યા હતા. કલાકારોનો પરિચય દિલીપ વિસ્પુતેએ અને કાર્યક્રમનું સંચાલન તન્વી મોદીએ કર્યું હતું.



# ગુજરાતમાં ચૂંટણી પહેલાં દમણ પોલીસે 19 લાખનો ઝડપી પાડ્યો

**ભીમપોરના** ગોડાઉનમાંથી 14 લાખનો, એક શેડમાંથી બોલેરો કારમાંથી 4.97 લાખનો દારૂ કબજે

દમણઃ સંઘપ્રદેશ દમણ પોલીસ ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલાં જ લાખ્ખો રૂપિયાનો દારૂ ગુજરાતમાં પ્રવેશે તે પહેલાં પકડી પાડવામાં આવ્યો છે.

પોલીસ પાસેથી મળેલી માહિતી પ્રમાણે, દમણ કોસ્ટલ પોલીસની પેટ્રોલિંગ કરતી ટીમને 19 એપ્રિલના રોજ ભીમપોરના કુંડ ફળિયા સ્મશાનભૂમિ પાસે પહોંચી ત્યારે તેમને એક શંકાસ્પદ ગોડાઉન જોવા મળ્યું હતું. જ્યાં પોલીસે ગોડાઉનની અંદર તપાસ કરતાં તેમાંથી 485 પેટી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જે દારૂની અંદાજિત કિંમત 14,06,240 આંકવામાં આવી છે. આ તરફ આજ દિવસે પેટ્રોલિંગ ટીમે ભીમપોરના શીતલ પેટ્રોલ પંપ પાસે આવેલા એક ઘરના સામે બનેલા પતરાના શેડ પાસે જતાં આ શેડમાં પણ કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ ચાલતી હોવાનું જાણવા મળતા પોલીસે આ શેડમાં પણ તપાસ કરતાં વિવિધ બ્રાન્ડની કુલ 116 પેટી ગેરકાયદે દારૂ મળી આવવા પામ્યો હતો. સાથે આ શેડના પતરાની પાસે જ એક કાળા કલરની સુરત પાર્સિંગની બોલેરો કાર નં. GJ-05-GU-5617 પણ જોવા મળી હતી. જેનો ઉપયોગ દારૂના પરિવહન માટે કરવામાં આવતો હોવાનું પોલીસને જાણવા મળ્યું હતું. જ્યાં પોલીસે 4,97,220 રૂપિયાનો દારૂ તથા 4.25 લાખની કિંમતની બોલેરો કારને જપ્ત કરવાની કાર્યવાહી કરી હતી. આમ પોલીસે બન્ને ઠેકાણેથી કુલ રૂપિયા 19.11 લાખનો દારૂનો મુદ્દામાલ ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પોલીસે આ તમામ દારૂનો જથ્થો એક્સાઈઝ વિભાગને સુપ્રત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### નારગોલ માલવણ બીચ પર સ્ટંટ કરનાર સ્કોર્પિયો ચાલક સામે ગુનો

ઉમરગામઃ નારગોલ માલવણ દરિયાકિનારે સ્કોર્પીયો ગાડી જોખમી રીતે હંકારી સ્ટંટ કરનાર કલગામના યુવક સામે ગુનો નોંધ્યો હતો. ઉમરગામ મરીન પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર, સોશિયલ મીડિયા ઉપર દરિયાકિનારે પૂરઝડપે જોખમી રીતે સ્કોર્પીયો કાર હંકારતો સ્ટંટ કરતો વિડીયો વાયરલ થયો હતો. જે બાદ પોલીસ ટીમ દ્વારા રીલ્સમાં દેખાતી ગાડીના નંબર આધારે તપાસ હાથ ધરી હતી અને ગાડીચાલક સુધી પહોંચી ગઈ હતી અને તેનું નામઠામ પૂછતા ઉત્કર્ષ સન્મુખભાઈ પટેલ (ઉં.વ.21, રહે., કલગામ, તા.ઉમરગામ) હોવાનું અને આ રીલ્સ તેઓએ નારગોલ માલવણ દરિયાકિનારે બનાવી હોવાનું જણાવ્યું હતું. ઉમરગામ મરીન પોલીસ દ્વારા સ્ટંટ કરનાર સામે ગુનો નોંધવામાં આવ્યો હતો.

# ધરમપુર પાલિકાનો તરણકુંડ બંધ રહેતાં યુવાનોમાં નારાજગી

**ત્રણ** વર્ષ બંધ રહ્યા બાદ ગત વર્ષે શરૂ થયેલો તરણકુંડ ફરી બંધ!



ધરમપુરઃ ગરમીનો પ્રકોપ દિવસેને દિવસે વધતો જાય છે, છતાં ધરમપુર નગરપાલિકા હસ્તકના તરણકુંડ એપ્રિલ મહિનાની ૨૦મી તારીખ સુધી પણ બંધ હાલતમાં હોવાને કારણે નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે. દોઢેક કરોડની આસપાસના ખર્ચે તૈયાર કરાયેલી આ સુવિધા બંધ હોવાને કારણે ખાસ કરીને યુવાનોમાં ભારે નારાજગી ફેલાઈ છે.

વર્ષ ૨૦૧૮માં આશરે ૧.૪૧ કરોડના ખર્ચે બનાવવામાં આવેલા તરણકુંડનું ઉદ્ઘાટન પૂર્વ મંત્રી રમણભાઈ પાટકરના હસ્તે કરાયું હતું. ત્યારબાદ તેની કામગીરી સુરતની એક એજન્સીને સોંપવામાં આવી હતી. પરંતુ થોડા જ સમયમાં એજન્સી ગાયબ થઈ જતાં તરણકુંડ લગભગ ત્રણ વર્ષ સુધી બંધ રહેતા નગરમાં ચર્ચાનો વિષય બન્યો હતો. ગત વર્ષે એપ્રિલ મહિનાનાં પ્રથમ અઠવાડિયામાં પાલિકાના ચૂંટાયેલા હોદેદારો અને ચીફ ઓફિસરે તજવીજ કરીને ટેકનિકલ ખામીને કારણે બંધ તરણકુંડ ફરી શરૂ કરવામાં આવતા નગરના યુવા વર્ગમાં ખુશીની લાગણી જોવા મળી હતી. જોકે હાલમાં ગરમીના દિવસોમાં તરણકુંડમાં તરવા માટે આવતાં તરવૈયાઓ બંધ દરવાજા જોઈ નિરાશ થઈ પાછા ફરતા હોય છે. નગરના તરણાર્થીઓની માંગ છે કે આ તરણકુંડ તાત્કાલિક શરૂ કરવામાં આવે, જેથી તેઓ ઉનાળામાં રાહત મેળવી શકે. હવે ધરમપુર નગરપાલિકાના પ્રમુખ મયંક મોદી અને ચીફ ઓફિસર વિજયભાઈ ઈટાલિયા કરોડથી વધુના ખર્ચે બનાવવામાં આવેલા તરણકુંડ ફરી શરૂ કરાવવા રસ દાખવશે કે કેમ ?

# VIAનાં આગામી ત્રણ વર્ષ માટે ફરી સતિષભાઈ પટેલની પ્રમુખ તરીકે વરણી

**નાણાં** મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં એડ્વાઈઝરી બોર્ડની બેઠકમાં કામગીરીને બિરદાવવામાં આવી



વાપીઃવાપી ઈન્ડસ્ટ્રીઝએસોશિએશન (વીઆઈએ)ના પ્રમુખ સતિષભાઈ પટેલ તેમજ સેક્રેટરી કલ્પેશભાઈ વોરા તથા ઉપપ્રમુખ મગનભાઈ સાવલિયા ટ્રેઝરર રાજુલભાઈ શાહ, જોઈન્ટ સેક્રેટરી ચંદ્રેશભાઈ મારુને ફરી ત્રણ વર્ષ આ જ હોદ્દાઓ પર રીપીટ કરાયા છે. સતિષભાઈ પટેલના નેતૃત્વમાં વીઆઈએની ટીમે કરેલી નોંધપાત્ર કામગીરીને એડવાઈઝરી બોર્ડ તેમજ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ બિરદાવી હતી તેમજ ફરી ત્રણ વર્ષ માટે આજ ટીમને વીઆઈએનું નેતૃત્વ સોંપતા આનંદની લાગણી વ્યક્ત કરી હતી. નાણાં તેમજ શહેરી વિકાસ મંત્રી કનુભાઈ દેસાઈની અધ્યક્ષતામાં વી.આઈ.એ.ના એડવાઈઝરી બોર્ડ મેમ્બર્સની સોમવારે મીટિંગ યોજવામાં આવી હતી. જેમાં એ.કે.શાહ, શિરીષભાઈ દેસાઈ, મિલાનભાઈ દેસાઈ, એલ.એન.ગર્ગ, નાનુભાઈ બાંભરોલિયા, યોગેશભાઈ કાબરિયા, કલ્પેશભાઈ શાહ, રજનીશભાઈ આનંદ અને પ્રકાશભાઈ ભદ્રા હાજર રહ્યા હતા. તમામ એડવાઈઝરી બોર્ડ મેમ્બર્સ દ્વારા 2023-26 ટર્મના હોદ્દેદારોની સારી કામગીરીને બિરદાવી અને આ જ હોદ્દેદારોને ટર્મ 2026-29 માં કાર્યભાર સાંભળવા ભલામણ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સાથે સાથે વી.આઈ.એ.ના હાજર એડવાઈઝરી બોર્ડ મેમ્બર્સ દ્વારા વી.આઈ.એ.ના નવા ઓડિટોરિયમની કામગીરીનું નિરીક્ષણ પણ કરવામાં આવ્યું હતું, જેમાં વર્ષ 2026 ના મે મહિનાના અંત સુધીમાં નિર્માણ કાર્ય પૂર્ણ થતાં વર્ષ 2026 ના મે મહિનાના અંતે અથવા જૂન મહિનામાં વી.આઈ.એ. ના નવા ઓડિટોરિયમનું લોકાર્પણ કરવાનો નિર્ણય પણ લીધો હતો.

### ઓઝરડામાં ટ્રક અડફેટે બાઇકચાલકનું મોત

વલસાડઃ નાનાપોંઢા તાલુકાના ખુટલીથી ચાંદવેંગણ માર્ગ ઉપર ઓઝરડાના ઓઝર ફળિયા જૂની આંગણવાડી વળાંક પાસે ટ્રકની અડફેટે બાઈકચાલકનું ગંભીર ઈજાને લઈ સ્થળ ઉપર મોત નીપજ્યું હતું.

ઓઝરડા ગામનો યુવાન કૌશિક શુકરભાઈ વાઘાત (ઉં.વ.23) સાસરેથી પરત ઘરે યામાહા એફ.ઝેડ બાઈક નંબર જી જે.15. ઈ.એચ.1437 લઈ ઓઝરડાના ઓઝર ફળિયા જૂની આંગણવાડી વળાંક પાસેથી પસાર થતો હતો, તે સમયે ટ્રક નંબર જી.જે.15.એ.વી.3450 ની અડફેટમાં આવી ગયો હતો. કૌશિકને ગંભીર ઈજા પહોંચતા સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. આ ઘટના અંગે ટ્રકચાલક સામે નાનાપોંઢા પોલીસમથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

### ચીખલીમાં મતદાન માટે ૧૦૬૧ કર્મચારીની ચૂંટણીલક્ષી બીજી તાલીમ સંપન્ન

ઘેજઃ ચીખલી તાલુકામાં તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ૨૨૬ મતદાન મથકો ઉપર ચૂંટણી યોજાનાર હોય તે માટે ૧,૯૨,૨૭૯ જેટલા મતદારો શાંતિપૂર્ણ માહોલમાં મતદાન કરી શકે તે માટે ૧૦૬૧ જેટલા કર્મચારીઓ માટે ચીખલી કચ્છ કડવા પાટીદાર સમાજના હોલ ખાતે નાયબ કલેક્ટર પ્રિયંકાબેન, રોશનીબેન, મામલતદાર હિરેનભાઈ મેસુરીયા, ટી.ડી.ઓ ભાવનાબેન યાદવ, નાયબ મામલતદાર સંજયભાઈ, જીગ્નેશભાઈ સહિતના અધિકારીઓની ઉપસ્થિતિમાં તાલીમ યોજાઈ હતી. ઉપરોક્ત તાલીમમાં ઝોનલ ૨૪, પ્રિસાઈડિંગ ૨૩૯, આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ૨૫૧, પોલિંગ અને મહિલા પોલિંગ ૫૪૭ સહિતનાને નાયબ કલેક્ટર પ્રિયંકાબેન, રોશનીબેન અને ટીડીઓ ભાવનાબેન તેમજ અનુભવી માસ્ટર ટ્રેનર દ્વારા ઈવીએમ સહિતની તાલીમ આપવામાં આવી હતી.